૭૮


# GUJMIN INDUSTRY ASSOCIATION

पृथ्वी कोश भूषण

ESTD. 1962

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org


નં. ગુજમીન/માઇનિંગ ઇસ્યુ/૨૦૨૪/૫૧ તા. ૨૬-૦૬-૨૦૨૪

પ્રતિ

અધિક મુખ્ય સચિવશ્રી,

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

બ્લોક નં.૫/૩ સચિવાલેય,

ગાંધીનગર

વિષય: સબગ્રેડ/અન્ડરસાઇઝ ખનિજોની નિકાસ માટે લેવામાં આવતી મંજૂરીઓમાથી મુક્તિ આપવા બાબત

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

**પ્રશ્નની વિગત:**

હાલમાં કેપ્ટીવ લીઝ વિસ્તાર/પ્લાન્ટના સ્થળે જનરેટ થતાં સબગ્રેડ/અન્ડરસાઈઝ ખનિજના એકત્રિત થયેલ જથ્થાના નિકાલ/વેચાણ માટે સરકારશ્રીની પરવાનગી લેવાની પધ્ધતિ અમલમાં છે જેના કારણે વારંવાર પરવાનગી માટે જવાથી સરકારશ્રી તથા પટ્ટેદારનો કિંમતી સમય વેડફાય છે.

લીઝ વિસ્તારમાં મળી આવતાં ખનિજ ડિપોઝીટની ગુણવત્તાની એકરૂપતા નહીં હોવાથી પ્લાન્ટ ગ્રેડ ખનિજના ખોદકામ દરમિયાન સબ ગ્રેડ/અન્ડરસાઇઝ ખનિજનું જનરેશન અનિવાર્યપણે થતું હોય છે જેને માસિક તથા વાર્ષિક પત્રકોમાં પટ્ટેદારશ્રી દ્વારા રજૂ કરવામાં આવે છે. જે પ્લાન્ટમાં વાપરી શકાતું નહીં હોવાથી તેનું વેચાણ સતત થાય અને સરકારશ્રીને રોયલ્ટી અને અન્ય વેરાની આવક સમયસર મળે તે માટે કાયમી ધોરણે પરવાનગી આપવાની નીતિ અમલમાં મૂકવી જોઈએ.

પ્લાન્ટના સ્થળે પણ રોયલ્ટી પેઇડ સબ ગ્રેડ/અન્ડરસાઇઝ ખનિજ સતત જનરેટ થતું હોઈ તેના નિકાલ માટે પણ કાયમી ધોરણે પરવાનગી મળવી જોઈએ કારણ કે પ્લાન્ટ ધારક દ્વારા પ્લાન્ટના સ્થળે આવા ખનિજના સ્ટોક માટે ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ), રૂલ્સ 2017 હેઠળ રજીસ્ટ્રેશન કરાવવામાં આવે છે અને તેના રજીસ્ટર રાખવામાં આવે છે તેમજ માસિક અને વાર્ષિક પત્રકો રજૂ કરવામાં આવે છે જેથી તેનાં નિકાલ માટે ફરીથી પરવાનગી લેવાની જરૂરિયાત રહેવી જોઈએ નહીં

મુખ્ય ખનિજની કેપ્ટિવ લીઝો માં પ્લાન્ટગ્રેડ મિનરલ સાથે નોન પ્લાન્ટગ્રેડ/અન્ડસાઈઝ ખનીજ સતત જનરેટ થાય છે જેના તમામ જથ્થાનો નિકાલ કરવો જરૂરી હોય છે. રાજ્ય સરકારશ્રી દ્વારા એમ.એમ.(ડી.આર) એક્ટ:૧૯૫૭ ના નિયમ: ૮-એ (૭-એ) હેઠળ વધારાની રકમ વસૂલવામાં આવે છે જે આવા પ્લાન્ટ માટે રિજેક્ટ ખનિજને લાગુ પડે નહીં અને તમામ જથ્થાની મંજૂરી મળવી જરૂરી છે.

સરકારશ્રીએ ખનિજોમાં સંરક્ષણ અને ઝીરો વેસ્ટની નીતિ અનુસાર મિનરલ રૂલ્સ તથા ગુજરાત માઇનોર મિનરલ્સ કન્સેશન રૂલ્સમાં પણ કેપ્ટીવ લીઝોમાં ખનિજના વેચાણ/નિકાલની જોગવાઈ કરેલ છે. જે ધ્યાને લઈ કાયમી ધોરણે પરવાનગી આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવે તેવી રજૂઆત છે.

<u>અમારૂં સુચન:</u>

કેપ્ટીવ માઈનીંગ લીઝ વિસ્તારમાં કો-જનરેટ થતાં સબગ્રેડ/અન્ડરસાઇઝ લાઈમસ્ટોન ખનિજો તેની ગુણવત્તાના ધોરણે અન્ય ઉપયોગમાં લઈ શકાય તે માટે મિનરલ કન્ઝારવેશન તેમજ ઝીરો વેસ્ટની સરકારશ્રીની નીતિ અન્વયે તેનાં વેચાણની પરવાનગી આપવી જરૂરી બને છે. જે અન્વયે આવા વેચાણ માટે મંજુરી આપવા એક સામાન્ય નીતિ સરકારશ્રી કક્ષાએથી બહાર પાડવા વિનંતી છે.

ઉપરોક્ત રજૂઆત અંગે ઘટતું થવા વિનંતી.
આપનો વિશ્વાસુ,

ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી
સી.એમ. દ્વિવેદી
પ્રમુખ

નકલ રવાના:

કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું, ગાંધીનગર તરફ ઘટતું કરવા વિનંતી.